R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-26 • ISSUE: 07 DATE: 18-02-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭





# ૨૦ વર્ષ જુના અપ્રમાણસર સંપત્તિના કેસમાં સુપ્રીમ કોર્ટે કસુરવાર ઠેરવતાં શશીકલા તામિલનાડુ મુખ્યમંત્રી પદે બિરાજી શકશે નહીં

તામિલનાડુના સુપ્રીમો ગણાતાં જયલલિતાના નિધન બાદ તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે ગાદી પર બિરાજવાનું સપનું જોતાં જયલલિતાના સખી શશીકલાને ૨૦ વર્ષ જુના અપ્રમાણસર સંપત્તિના કેસમાં સુપ્રીમ કોર્ટે કસુરવાર ઠેરવતાં તામિલનાડુના રાજકારણમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે.એઆઈડીએમકેના પ્રમુખ બનેલા શરીકલા હવે તામિલનાડુના મુખ્યમંત્રી નહીં બની શકે. કોર્ટે તેમને અપ્રમાણસર સંપત્તિના કેસમાં દોષિત જાહેર કર્યા છે.કર્ણાટકની એક સ્પેશીયલ કોર્ટમાં અપાયેલ ચુકાદામાં શશીકલાને ચાર વર્ષ સુધી જેલમાં જવાનો વારો આવ્યો છે.એટલું જ નહી પર તેઓ કાયદા પ્રમાણે આગામી ૧૦ વર્ષ સુધી ચુંટણી પણ લડી શકશે નહીં.શશીકલાની સાથે સાથે સુપ્રીમ કોર્ટે પુર્વ મુખ્યમંત્રી જયલલિતાને પણ આ કેસમાં સંડોવણીી હોવાનું જાહેર કર્યુ છે અને તેમની આકરી ટીકા પણ કરવામાં આવી છે.સુપ્રીમ કોર્ટે શશીકલાને તત્કાલ આત્મસમર્પણ કરવાની સુચના આપી છે.જો કે તે માટે કોઈ સમય મર્યાદા નક્કી કરાઈ નથી.શશીકલાએ આત્મસમર્પણ માટે ચાર સપ્તાહનો સમય માંગ્યો છે.દરમિયાન તેમણે તેમની પાર્ટીમાં પોતનો વ્યુહ ગોઠવવા માંડયો છે. તેમણે તેમના હરિફ મનાતા પનીસસેલ્વમ સહિત અન્યો તેમની તરફદારી કરતાં ૨૦ સભ્યોની પક્ષમાંથી હકાલપટ્ટી કરી છે.૨૦ વર્ષ જુના આ કેસમાં પોતના ૫૭૦ પાનાના ચુકાદામાં સુપ્રીમ કોર્ટે શશીકલાને જયલલિતા સાથે કાવતરુ કરવાના મામલે દોષિત ઠેરવ્યા છે.પલાની સ્વામી એવા ઈડાપટ્ટી પલાની સ્વામીને મુખ્યમંત્રી બનાવવા માટે શશીકલાએ તૈયારી કરી લીધી છે. જેથી હવે એવું મનાય છે કે તેઓ તામિલનાડુના નવા મુખ્યમંત્રી બની શકે છે.સમીકરણો રાતોરાત બદલાય છે. હરિફ જુથના પનીરસેલ્વમે પણ પોતાની રીતે પોતાની રાજકીય પેતરાબાજી ચાલુ રાખી છે.વિરોધપક્ષો તરફથી તેમને કેવો પ્રતિસાદ મળે છે તે આગળ ઉપર તેમનું ભાવિ નક્કી કરી શકે છે.

સુપ્રીમ કોર્ટે શશિકલાને દોષિત ઠેરવ્યા કે તુરતજ તેમણે તેમના હરિફને તેમના પક્ષમાંથી હાંકી કાઢવા માટેની ગતિવિધિઓ તેજ કરી દીધી હતી.

પક્ષમાં બળવો કરી ચુકેલા પનીરસેલ્વમના હાથમાં કોઈપણ રીતે સત્તા ના જાય તે માટે તેમણે ચુકાદા બાદ સૌથી પહેલાં પનીર સહિત ૨૦ તેમના સાથીદારોને પક્ષમાંથી કાઢી મુક્યા હતા.શશીકલા સામે બળવો કરીને મુખ્યમંત્રી પદ હાંસલ કરવાનું તેમનું સપનું પણ સાકાર થઈ શક્યું નથી. જો કે ગર્વનર તેમને ફ્લોર પર તેમની બહુમતી સાબિત કરવાની તક આપે તેના પર સમગ્ર આધાર રહેલો છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-
૦૭૯ ૬૫૨૧૪૭૫૬

શશીકલાના વિશ્વાસુ સાથી પલાની સ્વામીએ રાજયપાલ સમક્ષ સરકાર રચવાનો પોતાનો દાવો પેશ કર્યો હતો.રાજયપાલ વિદ્યાસાગર રાવને મળીને તેમણે તામિલનાડુમાં સરકાર રચવા માટેનો દાવો તેમની મુલાકાત દરમિયાન કર્યો હતો.તેમણે તેમના દાવાના સમર્થનમાં ૧૨૪ ધારાસભ્યોની યાદી સુપ્રત કરી હતી.આમ હવે તામિલનાડુમાં નવા રાજકીય સમીકરણો આકાર લઈ રહ્યા છે.બીજી તરફ જયલલિતાની ભત્રીજી દીપા જયકુમારે વિધિસર રાજકારણમાં ઉતરવાનું નક્કી કરી દીધું છે. જો કે રાજયપાલ કોને મુખ્યમંત્રી પદના શપથ લેવા અને મંત્રી મંડળની રચના કરવા કહેણ આપશે તે આદેશો આવ્યા બાદ ખબર પડી જશે. પલાની સ્વામીએ પોતાની સાથે રહેલા ધારાસભ્યોની યાદી રાજયપાલશ્રીને સુપ્રત કરી હતી તે સમયની તસવીર



**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવક્રાંતિ

સુપ્રીમ કોર્ટેમાંથી તામિલનાડુના સ્વર્ગીય મુખ્યમંત્રી અને તેમની સાથી શશીકલા સામે ચાલેલા કેસમાં જે ચુકાદો આવ્યો તે અનેક લોકોને પીડા આપી ગયો.સહુ પ્રથમ તો શશીકલા જેમણે જયલલિતાના મૃત્યુ બાદ પક્ષની કમાન સંભાળી લીધી અને ત્યાર બાદ તામિલનાડુના મુખ્યમંત્રી બનવા માટેની તમામ તૈયારીઓ કરી લીધી.પરંતુ તેમનું સપનું સાકાર બન્યુ નહી.

સુપ્રીમ કોર્ટે આવકથી વધુ સંપત્તિના કેસમાં એઆઈડીએમકેના મહામંત્રી શશીકલા અને તેમના સગાવાળાને દોષિત ઠેરવી દીધા.તેમજ ત્રણેયને ચાર વર્ષના કારાવાસની સજા પણ ફટકારી દીધી.આ કેસમાં સ્વર્ગીય મુખ્યમંત્રી જયલલિતા મુખ્ય આરોપી હતા. પરંતુ બે મહિના પહેલા જ તેમનુ નિધન થયું હતું.તેથી કોર્ટે તેના પર ચુકાદો આપ્યો નહોતો.જો કે સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જયલલિતાની આકરી ટીકા કરી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે જયલલિતા અને શશીકલા કાવતરામાં સામેલ હતાં અને જાહેર સેવક હોવા છતાં જયલલિતાએ આવકના સ્ત્રોત્રોથી વધુ સંપત્તિ હાંસલ કરી હતી અને શશીકલા અને બે અન્યો લોકોને વહેચ્યા હતા.જયલલિતાના ખાતામાંથી શશીકલાના ખાતામાં નાણાંની ટ્રાન્સફર દર્શાવે છે કે આમાં ચારેય આરોપીઓની ભુમિકા હતી. આ કેસ સંપત્તિ ભેગી કરવા માટે એક ઘણાં ઉંડે સુધી ખુપી ગયેલા કાવતરાભર્યા વ્યુહની પ્રતિતિ કરાવે છે.

બનાવટી કંપનીઓ ઉભી કરીને આ સંપત્તિઓનો વહીવટ કરાતો હોવાની પણ તેમણે ટકોર કરી હતી.જયલલિતાએ ખોટી રીતે ભેગી કરેલી સંપત્તિનો વહીવટ પીએસ ગાર્ડનથી જ થતો હતો.અને તેઓ બનાવટી નામોથી જંગી મિલકતો ખરીદતા હતા.જયલલિતા સહિત તમામ આરોપીઓ વેચાણકર્તાી પર દબાણ કરીને બજાર મુલ્યથી પણ ઓછા ભાવે સંપત્તિઓ ખરીદતા હતા.

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે જયલલિતા કોઇ પરોપકારી વૃત્તિ માટે શશીકલાને પોએસ ગાર્ડનમાં રાખતા હતા એવું નહોતું. પરંતુ કાયદાકીય ભાંજગડમાંથી પોતાની જાતને દુર રાખવાની ઠંડા કલેજાની આ તેમની ગણતરી હતી.શશીકલા એન્ડ કંપનીની ગુનાઇત પ્રવૃત્તિઓથી આ સ્થિતિ સર્જાઇ શકે તેમ હતી. જો કે હવે આ ચારેય આરોપીઓને સમયસર પોતાની જાતને સરન્ડર કરવી પડશે, કોર્ટે તેમને સમય આપ્યો છે. પરંતુ ચાર સપ્તાહમાં તેમનાથી જે કોઇ રાજકીય ચાલો ચાલવી હશે તે ચાલી લેશે. પરંતુ હાલ પુરતુ તો શશીકલાની રાજકારણમાં સિક્કો જમાવવાની તેમની ચાલ મહાત થઈ ગઈ છે.૨૦ વર્ષે આવેલા ચુકાદાએ તામિલનાડુનું રાજકારણ બદલી નાંખ્યું છે.

## મંતવ્ય

તાજેતરમાં યુપી ,પંજાબ અને ગોવામાં વિધાનસભાની ચુંટણીઓમાં વિવિધ રાજકીય પક્ષો તરફથી જે તોફાની પ્રવચનો થયા અને જે પ્રકારના જનતાને વચનો અપાયા તે જોતાં એવું લાગે છે કે આમાં કોઈ ભલીવાર નથી. લોકોને મત આપવા લલચાવવા માટેના આ પ્રયોગો છે.જેમાં લોભામણીબાબતો મતદાર ફસાય અને બીજા પાંચ વર્ષ માટે તેમને મોજમજા અને લુંટ કરવાનો અવસર આપી દે તે માટેના છે.ખેર,દરેક નેતા જે કાંઈ બોલે છે તે પરથી આપણે પોતે તેનુ કદ અને તેમના ચારિત્ર બાબતે અંદાજ લગાવી શકીએ. જે લોકો એકદમ નિમ્ન સ્તરે જઈને એકબીજાને ઉતારી પાડતાં નિવેદનો આપે છે તેનાથી આપણું માથુ શરમથી ઝુકી જાય છે. આપણને પસ્તાવો થાય છે કે આવા લોકોના હાથમાં આપણે દેશનું સુકાન સોપી દીધું છે. ખેર આ દેશની જનતા આઝાદી બાદ સતત છેતરાતી આવી છે અને હજુ પણ છેતરાશે તેમાં શંકા નથી.

નરેશભાઈ પરમાર

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

**ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332



દેશમાં વિવિધ સ્થાનો પર ખ્રિસ્તી લઘુમતીઓ ઉપર થઈ રહેલા હિંસક હુમલાઓ અને તેમની સતાવણીના વિરોધમાં કર્ણાટકમાં લઘુમતીઓ પરના અત્યાચારના વિરોધમાં એક રેલીનું આયોજન કરવામાં આવ્યુ હતું તે સમય ની તસવીર

## સુપ્રીમ કોર્ટનો ખુલાસો : ટ્રિપલ તલ્લાકમાં માત્ર કાયદાકીય પાસા પર જ ચુકાદો અપાશે



સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે મુસ્લીમ સમાજમાં પ્રચલિત ત્રણ તલાક,તલાક,તલાક અને બહુપત્નીત્વ પરંપરા સાથે જોડાયેલા કાનુની પરંપરાથી જોડાયેલા મુદ્દાઓ પર વિચાર કરશે.કોર્ટે સ્પષ્ટ ક્યુ છે કે મુસ્લીમ પર્સનલ લો હેઠળ તલાકની અદાલતોએ દેખરેખ કરવી જોઈએ કે કેમ તે મામલાને તે ધ્યાનમાં નહીં લે કેમકે આ સંસદના અધિકારક્ષેત્રમાં આવે છે. ચીફ જસ્ટીસ જગદીશ સિંહ ખેહર, ન્યાયમુર્તિ એન.વી.રમણ અને ન્યાયમુર્તિ ધનંજય વાય ચંદ્રચુડની બેન્ચે કહ્યુ હતું કે તમે એકસાથે બેસો અને તે કેન્દ્રને અંતિમ સ્વરુપ આપો કે જેના પર અમને વિચાર કરવાનું છે. અમે તમામ મુદ્દાઓ પર નિર્ણય લેવા માટે તેમને યાદીમાં સામેલ કરી રહ્યા છીએ.

જો કે યુપી,પંજાબ,ગોવા વિગેરેની ચુંટણીઓમાં ભાજપે આ મુદ્દાને સામેલ કર્યો હતો અને જણાવાયુ હતું કે ચુંટણીઓ બાદ આ વિષયમાં આગળ કાર્યવાહી થાય તેમ સરકાર ઈચ્છે છે.જેથી એવું મનાઇ રહ્યું છે કે ચુંટણીઓ બાદ તલાક બાબતે સુપ્રીમ કોર્ટ તેના અવલોકનો ઉપર પ્રકાશ પાડશે.

## નેશનલ બોમ્બ ડેટા સેન્ટરના રીપોર્ટ પ્રમાણે ૨૦૧૬માં ભારતમાં વધુ વિસ્ફોટો થયા છે

ગત વર્ષે દુનિયાભરમાં સૌથી વધુ બોમ્બ વિસ્ફોટોની ઘટનાઓ ભારતમાં બની હતી તથા યુધ્ધગ્રસ્ત ઈરાક અને અફઘાનિસ્તાનની તુલનામાં પણ અહીં વધુ વિસ્ફોટો થયા હતા.નેશનલ બોમ્બ ડેટાએ જણાવ્યુ હતું કે દેશમાં આ પ્રકારની ૪૦૬ ઘટનાઓ બની હતી.જેમાં આઈઈડી અને શસ્ત્ર કારખાનાઓના વિસ્ફોટો સામેલ છે. રિક ૨૨૧ વિસ્ફોટો સાથે આ યાદીમાં બીજા ક્રમે છે.જો કે આ ડેટામાં વિસ્ફોટોમાં મરણ પામનારની સંખ્યા બતાવાઈ નથી.

એનબીડીસી વિસ્ફોટ પછી નોટલ ઈન્વેસ્ટીગેશન વિભાગ તરીકે એનએસજી અંતગર્ત કામ કરે છે.રિપોર્ટમાં વૈશ્વીક આંકડાઓ અંગે સચેત રહેવાનો સુર છે. તેમાં જણાવાયું છે કે કેન્દ્રને આ આંકડા ખુલ્લા સ્ત્રોત્રો પાસેથી મેળવ્યા છે.પાડોશી દેશ પાકિસ્તાનમાં ૨૦૧૬માં આવી કુલ ૧૬૧ ઘટનાઓ બની જ્યારે અફઘાનિસ્તાનમાં ૧૩૨, અને તુર્કીમાં ૯૨, થાઈલેન્ડમાં ૭૧,દક્ષિણ આફ્રિકામાં ૬૩ ,સીરીયામાં ૫૬, ઈજીપ્તમાં ૪૨ અને બંગલાદેશમાં ૨૯ વિસ્ફોટો નોધાયા છે.

એનએસજીના એનબીડીસીએ બોમ્બશેલ શીર્ષકથી આવી ઘટનાઓના વાર્ષિક સંમેલનમાં કહ્યુ છે , આ ઘટનાઓની નિશ્ચિત સંખ્યા અને અહેવાલ દર્શાવાતા નથી.આ રીપોર્ટ અનુસાર ભારતમાં જમ્મુ-કાશ્મીરમાં વિસ્ફોટોની સંખ્યા વર્ષ ૨૦૧૫ દરમિયાન ૧૪ આઈઈડી વિસ્ફોટની સામે વધી છે.૨૦૧૬માં જમ્મુ-કાશ્મીરમાં આવા વિસ્ફોટની સંખ્યા ૩૧ની રહી હતી.જ્યાં સુરક્ષાદળો આતંકીઓના મુખ્ય નિશાન પર રહ્યા હતા.

## નળકાંઠામાં સિંચાઇજળ માટે સરકારની ઉદાસીનતા સામે ખેડુતોની રેલીમાં પોલીસ સાથે દંગલ

નળકાંઠાના ખેડુતોએ સિંચાઈજળ માટે સરકારની ઉદાસીનતાના મામલે અધિકાર રેલીનું આયોજન કર્યુ હતું.રેલી અને પોલીસ વચ્ચે ઘર્ષણ થતાં જ ખેડુતો અને પોલીસ વચ્ચે દંગલ થયું હતું.નળકાંઠાના ખેડુતો છેલ્લા અને વર્ષોથી સિંચાઈના પાણી માટે માંગ કરી રહ્યા છે.સરકારની ઉદાસીનતાને કારણે ખેડુત આગેવાનોએ અધિકાર રેલીનું આયોજન કર્યુ હતું.આ રેલી માટે પોલીસ પરમીશન મળી નહોતી.વાહનોમા ૨૫૦૦ જેટલા ખેડુતો રેલીમા જોડાયા હતા જેને પોલીસે રોકતાં મામલો બીચક્યો હતો.પરિણામે પોલીસે ટીઅરગેસના શેલ છોડ્યા હતા.લાઠીચાર્જ કર્યો હતો પરિણામે બેઉપક્ષે કેટલાક લોકો અને પોલીસ કર્મીઓ ધાયલ થયા હતા. પોલીસે ખેડુત આગેવાનોની ધરપકડ કરી લીધી હતી પરિણામે ખેડુતોમાં આક્રોસ વ્યાપ્યો હતો.પરંતુ ધરપકડ અને છોડી દેવા અંગે કેટલીક ગેરસમજો ઉભી થઈ હતી.

# રાજ્ય સરકારનું અભુતપુર્વ પગલું

## રાજ્યવ્યાપી મેગા જોબફેર

## યુવા વર્ગની પડખે સરકાર

યુવાનોને રોજગારીની વિપુલ તકો પુરી પાડવામાં ૧૫ વર્ષથી સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ

ભારત સરકારના અહેવાલ મુજબ દેશના મોટા રાજ્યોમાં બેરોજગારીનો સૌથી નીચો દર ગુજરાતમાં

વર્ષ-૨૦૧૭માં રાજ્યના ૬૭,૦૦૦ યુવાનોને સરકારી નોકરીમાં ભરતી કરવાનું સમયબધ્ધ આયોજન

૨૦ લાખથી વધુ નાના-લઘુ -મધ્યમ ઊદ્યોગોમાં ૧.૫૦ કરોડથી વધુ યુવાનોને રોજગારીનો અવસર

૮૫ ટકાથી વધુ સ્થાનિક લોકોને ઔદ્યોગિક એકમોમાં રોજગારી પુરી પાડવામાં સરકાર કટિબધ્ધ

ગુજરાતના યુવાવર્ગના નવતર વિચારોને સાકાર બનાવવા ગુજરાત સ્ટાર્ટઅપ મિશનની રચના

એકજ અઠવાડીયામાં ભરતી મેળાઓના માધ્યમથી આશરે ૫૦ હજારથી વધુ યુવાનોને રોજગારી પ્રાપ્ત થાય તેવું આયોજન

# સ્કીલ ઇન્ડીયા...... સ્કીલ ગુજરાત

**શ્રી નરેન્દ્રભાઇ મોદી**
**પ્રધાનમંત્રી, ભારત સરકાર**

**શ્રી વિજય રુપાણી**
**મુખ્યમંત્રી,ગુજરાત રાજ્ય**




તામિલનાડુના અમ્મા જે સર્વેસર્વા હતા તેમની સમાધિ પર તામિલનાડુના રાજકારણીઓ પોતાના સપના સાકાર થાય માટે પ્રતિક્ષા કરી રહ્યા છે.અમ્માનો સુરજ આથમી ગયો છે.રાજકીય કાવાદાવાઓની ભરમારમાં તામિલનાડુ ફસાઇ ગયું છે.હવે શશીકલા માટે સુપ્રીમનો નિર્ણય આકરો છે. તે ૧૦ વર્ષ સુધી તો ચુંટણી લડી શકશે નહી. તેમજ ચાર વર્ષ સુધી જેલવાસ ભોગવવો પડશે.પરંતુ રાતોરાત આવેલા પલટાને કારણે અન્યોનું કિસ્મત જાગી ગયું છે. શશીકલાએ તેમના વિશ્વાસુ સાથીને મુખ્યમંત્રી તરીકે પેશ કરી દીધા છે.તામિલનાડુના રાજકારણમાં જે હદે વ્યકિતપુજા જોવા મળી તેનાથી લોકશાહી લજવાઇ છે.પરંતુ આ રાજકારણ છે.અને સત્તા માટે એ ચાલતું જ રહેવાનું. તામિલનાડુના રાજકારણમાં હવે અમ્મા નથી તેથી અન્ય રાજકીય પાર્ટીઓ તેમનો કક્કો સીધી કરવા માટે કે તેમને તકો મળી શકે માટે સતત પ્રયત્નશીલ બની જશે.તામિલનાડુના રાજકારણમાં હવે કેન્દ્ર સરકાર કેવા નિર્ણયો લે છે અને લાભ મેળવે છે તે જોવાનુ રહેશે.

## દેશભક્તિ લશ્કરી શિસ્તની માફક લાદી ના દેવાય, તે સ્વયંભુ આવવી ઘટે

આપણા માટે કમનસીબી કહો કે કમબખ્તી કહો,દેશના લોકોને દેશભક્તિ સમજાવવી પડે કે તેનુ પાલન કેવી રીતે કરવું તેના માટે કાયદા મારફતે સમજણ આપવી પડે બહુ દુઃખદ બાબત છે.

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે જણાવ્યુ છે કે કોઇ ફિલ્મ કે ડોક્યુમેન્ટરીમાં રાષ્ટ્રગીત આવતું હોય તો પ્રેક્ષકો ફરજીયાત ઊભા થવાની જરુર નથી.સ્વયંભુ થઇ શકે છે.ગયા નવેમ્બર માસમાં સુપ્રીમ કોર્ટે એવો ઐતિહાસિક આદેશ કર્યો હતો કે સિનેમા હોલ કે મલ્ટીપ્લેક્સમાં ફિલ્મ દર્શાવતા પહેલાં રાષ્ટ્રગીત વગાડવુ જરુરી છે. અને ત્રિરંગો દર્શાવવો જરુરી છે.કોર્ટે તેમાં કહ્યુ હતું કે આ વખતે લોકોએ પોતાની જગાઓ પર ઊભા થવું જોઇએ.જો કે આમ છતાં ઘણા લોકો એ વખતે ઊભા થતાં નથી.તેને અંગે ઘણા વિવાદો પણ સર્જાયા છે.રાષ્ટ્રગીત વખતે ઊભા ન થનારાઓએ અન્ય લોકોના રોષનો ભોગ બન્યા હોય એવું પણ બન્યું છે.આપણા રાષ્ટ્રગીત,રાષ્ટ્ધ્વજ અને રાષ્ટ્રચિહ્નનો પ્રતિકોને આદર, માન સન્માન જરુર આપવું જોઇએ.એ કોઇ લાદવાનો કે કાયદાની રીતે ચુસ્ત અમલી બનાવવાનો મામલો નહી પણ દેશ પ્રત્યેના આદર અને ભાવનાની સહજ અભિવ્યક્તિનો મામલો છે.તે તદ્દન સ્વેચ્છીક અને સહજ હોવું ઘટે.રાષ્ટ્રપ્રેમની લાગણીઓને જબરજસ્તીથી લાદી ના શકાય. જબરજસ્તીના રાષ્ટ્રવાદનો કોઇ અર્થ નથી.એવું હોય તો આજે સિનેમાગૃહોની વાત છે.કાલે ઉઠીને નાટકો,સ્ટેજ શો કે ટીવી કાર્યક્રમો માટે પણ રાષ્ટ્રગીતની વાત આગળ ધરાશે.રાષ્ટ્રવાદનો પ્રચાર આ રીતે ના થઇ શકે.આપણા દેશને ચાહવો, કે તેના ચિહ્નનો ને માન આપવું એ કોઇ કાયદાનો કે ફરજીયાતપણાનો નહીં, ખુમારીનો મામલો છે.આ ખુમારી જ્યાં લગી જન માનસમાં જાગૃત ના થાય ત્યાં લગી આ બધુ માત્ર ઔપચારિકતા જ બની રહે છે. એટલે જ સુપ્રીમ કોર્ટે ચોખવટ કરી છે કે એ નૈતિકતાની પહેરેદાર (રખેવાળ)નથી.


ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ. એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


## શશીકલાનો દોષિત ઠેરવતા ચુકાદાને ભાજપી સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ આવકાર્યો



ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ અન્નાદ્રમક મહાસચિવ વી.કે.શશીકલા અને અન્યોને આવકના જાણીતા સ્ત્રોતો સિવાય સંપત્તિના મામલે દોષિત ગણાવતાં સુપ્રીમ કોર્ટના આદેશને આવકાર્યો હતો.અને કહ્યુ હતું કે ૨૦ વર્ષની લાંબી રાહ જોવામાં આવી તેનુ ફળ મળ્યું છે.

જ્યારે ભાજપના તામિલનાડુના પ્રભારી અને મહાસચિવ પી.મુરલીધર રાવે કહ્યુ હતું કે સુપ્રીમ કોર્ટના ચુકાદા પછી શશીકલાના મુખ્યમંત્રી બનવાના સ્વપ્રને આઘાત લાગ્યો છે.પરંતુ પ્રતિનિધિ તરીકે ચુંટાઇ જવા માત્ર થી જનતાનો વિશ્વાસ જીતી શકાતો નથી. જનતા પાર્ટીના તત્કાલીન પ્રમુખ તરીકે આ મામલે ૧૯૯૬માં પ્રથમ ફરિયાદ નોધાવનારા ફરિયાદી સ્વામીએ કહ્યુ હતું કે અમે આ માટે ૨૦ વર્ષ સુધી લડ્યા છીએ.

## યુપીમાં ભાજપનો સાથ મેળવીને સરકાર રચીશું નહીં તેવી સ્પષ્ટતા કરવા બીએસપીનેતા માયાવતી

ઉત્તર પ્રદેશમાં વિધાનસભાની ચુંટણીઓમાં એડીચોટીનું જોર લગાવતા તમામ રાજકીય પક્ષોના મનમાં હજુ સુધી બહુમતી આવશે તેવો સ્વસ્થ આશાવાદ દેખાતો નથી.મોટાભાગનો વરતારો ત્રિશંકુ પક્ષોની શંકા વ્યક્ત કરે છે. ચુંટણીનો રંગ તો બરાબર જામ્યો છે પરંતુ મતદારોના મન કળાતા નથી.બહુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતીએ કહ્યુ હતું કેઅને ચુંટણીમાં ભાજપ સાથે કોઇ ગઠબંધન કરીશું નહી.વિપક્ષમાં બેસીસું પરંતુ ભાજપ સાથે કોઇપણ જોડાણ કરીશું નહી. જો કે તેમણે પાછો દાવો તો કર્યો જ હતો કે અમને ૩૦૦ સીટો મળશે.હવે બધા જ ૩૦૦ નીગણતરી કરતા રહ્યા છે.પરિણામે કોને કેટલી સીટો મળશે તે નક્કી કરાતું નથી.ભાજપના બે ચહેરાઓ યુપીમાં તુટી પડ્યા છે. વડાપ્રધાને પોતાનું ધ્યાન યુપીમાં કેન્દ્રીત કર્યુ છે અને વિપક્ષોને બરાબર આડે હાથે લેવામાં લાગી ગયા છે. અમિત શાહ,બીજપી પ્રમુખ તેમની કલા નિપુણતા દેખાડી રહ્યા છે. હવે જોવાનું રહે છે કે કોણ કોને માત આપે છે. સમાજવાદી પાર્ટી અને કોગ્રેસના યુવાનેતાઓ તેમની રીતે પડઘમ વગાડી રહયા છે. સર્વ કોઇપણ પ્રકારે થઇ શકે તેમ નથી.તેથી એટલી રાહત છે કે કોનો ઘોડો આગળ ચાલે છે તે કળી શકાતું નથી.મજબુત મતબેકો પર પણ આધારિત ગણિત મુકી શકાતું નથી માત્ર ને માત્ર પરિણામો જ આ બાબત પર પડદો ઉઘાડી શકશે.




વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો



★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.